**શ્રી ...........**
**માન.ધારાસભ્યશ્રી,.........**

**માન.અધ્યક્ષશ્રી,**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની યોજનાઓ ઉપર મારા વિચારો આ સભાગૃહ સમક્ષ રજુ કરવા માંગુ છું.

**માન.અધ્યક્ષશ્રી,**

**રાજ્ય સરકારનાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ ચાલતી અનુસૂચિત જાતિ પેટા યોજના વિશે વાત કરૂ તો...**

રાજય સરકારે, ગરીબ અને વંચિત લોકોના ઉત્થાનના ધ્યેય સાથે **"સૌનો સાથ સૌનો વિકાસ"** ની પરિકલ્પનાને સિધ્ધ કરવા માટે સામાજિક, આર્થિક અને શૈક્ષણિક વિકાસ માટે અનેક યોજનાઓનો આરંભ કર્યો છે. પરિણામે ગુજરાતનો અનુસૂચિત જાતિનો સમુદાય ગૌરવપૂર્ણ જીવન જીવવા તરફ અગ્રેસર બન્યો છે. વ્યક્તિ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણને વરેલી સરકાર વંચિતો, શોષિતો, ગરીબો તેમજ છેવાડાના માનવીઓની કલ્યાણ અર્થે સંવેદનશીલતા સાથે કાર્યરત છે. અનુસૂચિત જાતિના સર્વાંગીક વિકાસ માટે અનેકવિધ નિર્ણયો તેમજ યોજનાઓના અમલ થકી અનુસૂચિત જાતિના સમુદાયમાં **"વિસ્તારલક્ષી અને વ્યકિતલક્ષી"** વિકાસ માટે અમારી સરકારે અથાગ પ્રયત્નો કર્યા છે અને કરતા રહીશું.

માનનીય વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની માયાળુ નેતાગીરી હેઠળ રાજય સરકારે, અનુસૂચિત જાતિ સમુદાયના વર્ગોની વધુ અને વિશિષ્ટ સંભાળ લીધી છે, જેથી તેઓ પણ સમાજમાં વધુ સારૂ જીવન જીવી શકે.

**" અનુસૂચિત જાતિ સમુદાયના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક વિકાસના હેતુ માટે અનુસૂચિત જાતિ પેટા યોજના- ઘડવામાં આવેલ છે."**

અનુસૂચિત જાતિ પેટા યોજના ખુદ પોતે એક યોજના નથી, પરંતુ તે એક છત્ર છે જે હેઠળ રાજય અને કેન્દ્ર સરકાર દ્ધારા અમલ કરવામાં આવેલ યોજનાઓનો, અનુસૂચિત જાતિઓની જરૂરિયાતો અને સમસ્યાઓ અંગે કાર્ય કરવા માટે અનુસૂચિત

જાતિઓના સમુદાયોના વિકાસ માટે વિસ્તારલક્ષી કાર્યો કરવા માટે સરકારના જુદા-જુદા વિભાગો મારફતે નાણાંની જોગવાઈ કરી કરવામાં આવે છે.

આમ, અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ અનુસૂચિત જાતિના લોકોની અને તે વિસ્તારના વિકાસ માટે રાજ્ય સરકારના જુદા-જુદા વિભાગો દ્વારા વસ્તીના પ્રમાણમાં રાજ્ય સરકાર યોજનાઓનુ ઘડતર કરી તે મુજબ જોગવાઈ અને ખર્ચ કરીને, કુટુંબ તથા વ્યક્તિલક્ષી અને વિસ્તારલક્ષી કાર્યક્રમો મારફતે અનુસૂચિત જાતિઓને પીવાના પાણીની સુવિધાઓ, આરોગ્ય અને સુખાકારીની સેવાઓ, શૈક્ષણિક સેવાઓ, સિંચાઈની સેવાઓ, રોડ રસ્તા અને પુલોનુ નિર્માણ તથા જરૂરિયાત મુજબના વિકાસલક્ષી કામો આવરી લઈ દરેક વિભાગ જરૂરિયાત આધારિત કાર્યક્રમ ઘડે છે.

ગુજરાતમાં રાજ્યમાં અનુસૂચિત જાતિની વસ્તી કુલ વસ્તીના આશરે ૭ ટકા જેટલી છે. અનુસૂચિત જાતિની વસ્તી સમગ્ર રાજ્યમાં ફેલાયેલી છે. અનુસૂચિત જાતિ પેટા યોજનાને વધુ અસરકારક અને અર્થપૂર્ણ બનાવવા માટે અનુસૂચિત જાતિની વસ્તીના પ્રમાણમાં નાણાં ફાળવવા માટે રાજ્ય સરકાર સંકલ્પબધ્ધ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

- અનુસુચિત જાતિ પેટા યોજના માટે નાણાંકીય સંસાધનોની વાત કરુ તો.....

અનુસૂચિત જાતિ પેટા યોજના માટે નાણાંકીય જરૂરીયાત મુજબ

૧ રાજ્યની અંદાજપત્રીય જોગવાઇમાં (અનુસૂચિત જાતિની ૭ ટકા વસ્તીના પ્રમાણમાં) નાણાંની જોગવાઈ કરવામાં આવે છે.

૨. ભારત સરકાર પાસેથી “ખાસ કેન્દ્રીય સહાય”(SCA To SCSP) સ્વરૂપે નાણાં મેળવવામાં આવે છે.

3. કેન્દ્ર સરકારની યોજનાઓ અને કેન્દ્ર પૂરસ્કૃત યોજનાઓમાંથી પ્રાપ્ત થતી કેન્દ્રીય સહાયનો સમાવેશ થાય છે.

**માન.અધ્યક્ષશ્રી,**

- વહીવટી માળખુ, પરીણામ, અમલવારી, દેખરેખ, નિયંત્રણ અંગે વાત કરુ તો...

રાજ્યમાં અનુસૂચિત જાતિના પરિવારોનો આર્થિક, સામાજિક અને શૈક્ષણિક વિકાસ થાય તે માટે રાજ્યના કુલ બજેટમાંથી ૭ ટકા રકમની અલગ જોગવાઇ કરવા અંગે નીતિ આયોગ (આયોજન પંચ) દ્વારા વર્ષ ૨૦૧૪માં માર્ગદર્શિકા બહાર પાડેલ છે. આ માટે અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ નિર્ધારિત લક્ષ્યાંકો આયોજીત પ્રયાસો મારફત હાંસલ કરવા માટે કાર્યક્રમના દેખરેખ, નિયંત્રણ અને મૂલ્યાંકનની અસરકારક અને કાર્યક્ષમ પદ્ધતિ અપનાવવાનું અત્યંત આવશ્યક છે. અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ વિવિધ કાર્યક્રમોની યોગ્ય દેખરેખ અને નિયંત્રણ માટે ત્રિસ્તરીય પદ્ધતિ શરૂ કરવામાં આવેલ છે.

**રાજ્ય કક્ષા-**

અનુસૂચિત જાતિ પેટા યોજનાના અમલીકરણ માટે રાજ્ય કક્ષાએ કાર્યક્રમની ભૌતિક અને નાણાંકીય પ્રગતિની ત્રિમાસિક સમીક્ષા બેઠકો સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સચિવશ્રીના અધ્યક્ષ પદે યોજાય છે. યોજનાની ભૌતિક અને નાણાંકીય પ્રગતિ સંબધી માહિતી અંગે આવી બેઠકોમાં ચર્ચા થાય છે.

આ ઉપરાંત આગળના નાણાંકીય વર્ષ દરમ્યાન અનુસૂચિત જાતિ પેટા યોજનાની ભૌતિક અને નાણાંકીય પ્રગતિની સમીક્ષા કરવા માટે માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષ પદે સમીક્ષા બેઠક બોલાવવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

**પ્રદેશ (ઝોન) કક્ષા –**

અનુસૂચિત જાતિ પેટા યોજનાની ભૌતિક અને નાણાંકીય પ્રગતિની સમીક્ષા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રીના અધ્યક્ષ પદે પ્રદેશ કક્ષાએ સમીક્ષા બેઠક બોલાવવાની જોગવાઈ કરવામાં આવેલ છે. સંબધિત બેઠકોમાં ખાતાના વિવિધ વિભાગોના અધિકારીઓ ભાગ લે છે. અનુસૂચિત જાતિ કલ્યાણ નિયામકશ્રી

બેઠકોના સંકલનકાર તરીકે કાર્ય કરે છે. ચર્ચાઓમાંથી ઉભી થતી સમસ્યાઓ અને મુશ્કેલીઓનો ઉકેલ સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા લાવવામાં આવે છે. અને જરૂર હોય તો સંબધિત વિભાગના સચિવશ્રીની સુચનાઓ મેળવવામાં આવે છે.

**જિલ્લા કક્ષા** –

અનુસૂચિત જાતિ પેટા યોજનાનું જિલ્લા કક્ષાનું નિયંત્રણ જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષ પદે થઇ રહી છે. જેમાં જિલ્લા કક્ષાએ વિવિધ વિકાસ વિભાગોના અધિકારીઓ ભાગ લે છે. સંકલન જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્રારા કરવામાં આવે છે. બેઠકમાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ ફાળવણી સામે નાણાંકીય ખર્ચ સાથે લક્ષ્યાંકો અને સિદ્દિઓની ખાતાવાર સમીક્ષા કરવામાં આવે છે. અને સમસ્યાઓ / અંતરાયોનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરવામાં આવે છે, અને સમસ્યાઓ દુર કરવા સુધારાત્મક પગલાં લેવામાં આવે છે.

જિલ્લા કક્ષાએ સમસ્યા હલ કરવાનું મુશ્કેલ જણાય તો પછી સંબધિત ખાતાના વડાના ધ્યાન પર હકીકતો લાવવામાં આવે છે. અને એમની સુચનાઓ મેળવવામાં આવે છે. તે અનુસાર યોજનાનો અમલ કરવામાં આવે છે.

જિલ્લા કક્ષાએ તમામ ખાતાઓમાંથી માહિતી જિલ્લા નાયબ નિયામક દ્વારા નિયત પ્રફોર્મામાં એકત્ર કરવામાં આવે છે. અનુસૂચિત જાતિ પેટા યોજનાના અમલીકરણ અંગે ભૌતિક અને નાણાંકીય પ્રગતિ સાથેની માહિતી સમાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને અને સંબધિત ખાતાના વડાને જિલ્લા કલેકટર મારફત જિલ્લા નાયબ નિયામક દ્વારા દર માસે નિયમિત મોકલવામાં આવે છે.

**માન. અધ્યક્ષશ્રી,**

રાજ્ય સરકાર અનુસૂચિત જાતિઓના વિસ્તારોના વિકાસ માટે રાજ્ય કક્ષાએથી લઈ જિલ્લાકક્ષા સુધીની આ યોજના અંતર્ગત સમીક્ષા બેઠકોનુ આયોજન કરી મઅસરકારક અમલ કરવા માટે માળખુ ગોઠવવામાં આવેલ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

**છેલ્લા ત્રણ વર્ષની અનુસૂચિત જાતિ પેટા યોજનાની વિવિધ વિભાગો દ્વારા કરેલ બજેટ જોગવાઈની વાત કરુ તો....**

| વર્ષ | રાજ્યની કુલ બજેટ જોગવાઈ (રકમ રૂ.કરોડમાં) | SCSP જોગવાઈ (રકમ રૂ.કરોડમાં) |
|---|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨,૨૭,૦૨૯.૦૦ | ૫૨૯૬.૨૯ |
| ૨૦૨૨-૨૩ | ૨,૪૩,૯૬૫.૦૦ | ૫૫૧૪.૮૫ |
| ૨૦૨૩-૨૪ | ૩,૦૧,૦૨૨.૦૦ | ૬૭૩૭.૦૪ |
| કુલ | **૭,૭૨,૦૧૬.૦૦** | **૧૭,૫૪૮.૧૮** |

આમ, છેલ્લા **ત્રણ વર્ષમાં** રાજ્યની કુલ **બજેટ જોગવાઈ રૂ. ૭,૭૨,૦૧૬ કરોડ પૈકી અનુસૂચિત જાતિ પેટા યોજના(SCSP) હેઠળ રૂ.૧૭,૫૪૮ કરોડની જોગવાઈ કરવામાં** આવેલ છે.

**આ જોગવાઈઓમાં સરદાર સરોવર પ્રોજેક્ટ સિંચાઈ યોજનાઓ, પાણી પુરવઠાની યોજનાઓ, માર્ગ અને મકાન જેવા ઇન્ફ્રાસ્ટ્રકચરને લગતા વિભાગની યોજનાઓ કે જે અવિભાજીત હોય છે એટલે કે, રાજ્યના અનુસૂચિત જાતિ વિસ્તારો સહિત સમગ્ર રાજ્યની સર્વે પ્રજાને તેનો લાભ મળતો હોય છે, તેને લક્ષમાં લેવામાં આવે તો સમગ્રતયા અનુસૂચિત જાતિ પેટા યોજનામાં રાજ્ય સરકાર દ્વારા કુલ બજેટના આશરે ૭ ટકા કરતા વધુ બજેટની ફાળવણી કરવામાં આવે છે.**

**માન.અધ્યક્ષશ્રી,**

- **અનુસૂચિત જાતિ પેટા યોજનાની કેંદ્ર પુરસ્કૃત યોજના "પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજના" (PMAGY )ની વાત કરુ તો……**

ભારત સરકાર દ્વારા જે ગામોમાં **અનુસુચિત જાતિની વસ્તી ૫૦% થી વધુ હોય** તેવા ગામોને પસંદ કરી તે ગામની **માળખાકીય સુવિધા, સામાજિક-આર્થિક વિકાસના માપદંડમાં સુધારો કરવાનો** છે. આ યોજના અંતર્ગત ભારત સરકાર દ્વારા ગામોની પસંદગી કરવામાં આવે છે, અને પસંદ કરેલ ગામોમાં પીવાનું શુદ્ધ પાણી અને સ્વસ્છતા વિષયક પ્રવૃતિઓ, શિક્ષણ , આરોગ્ય અને પોષણ, સામાજિક સુરક્ષા, ગ્રામીણ માર્ગો અને આવાસ નિર્માણ, વીજળી અને સ્વચ્છ બળતણ/ઇંધણ, ખેત પ્રણાલિઓ ,ડિજિટાઈઝેશન અને આજીવિકા તથા **કૌશલ્ય વિકાસ જેવા ગેપ-ફિલીંગના કામો કરવા બદલ ફંડ આપવામાં આવે છે.**

આ, પસંદ પામેલ ગામોને **કેંદ્ર સરકાર દ્વારા ૨૧.૦૦ લાખની રકમ ફાળવવામાં** આવે છે. જે પૈકી રૂ.**૨૦.૦૦ લાખની રકમ પસંદ થયેલ ગામોમાં ગેપ-ફિલીંગ હેઠળ હાથ ધરવાની પ્રવૃત્તિઓ માટે અને બાકીની ૧.૦૦ લાખની રકમ વહીવટી અને અન્ય ખર્ચ માટે ફાળવવામાં આવે છે**. નિર્ધારિત ગુણાંક પ્રાપ્ત થયે તે ગામને **આદર્શ ગ્રામ** જાહેર કરવામાં આવે છે.

**જે યોજના અંતર્ગત ગુજરાતનાં ૨૫ ગામોની પસંદગી કરવામાં આવેલ જે તમામ ગામોને ૨૦૨૩-૨૪ના વર્ષમાં આદર્શ ગ્રામ જાહેર કરવામાં આવેલ છે.**

વિકાસની વેગવંતી દિશા તરફ આગળ વધવા આગામી **વર્ષ ૨૦૨૪-૨૫માં આ પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજના હેઠળ ગુજરાતના ૩૧ ગામોની પસંદગી કરી રૂ.૬૫૧.૦૦ લાખની માતબર રકમની જોગવાઈ** કરવામાં આવેલ છે.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા તૈયાર કરાયેલ અનુસુચિત જાતિઓના સર્વાંગી વિકાસ માટે વિવિધ વિભાગો તથા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સંયુકત પ્રયાસ દ્વારા, વિવિધ યોજનાઓ માટે વિવિધ વહીવટી વિભાગોએ કરેલ નાણાંકિય જોગવાઇઓનો ઉપયોગ થશે અને એમણે નિયત કરેલ લક્ષ્યાંક ફાળવવામાં આવેલ હેતુ માટે સાચા અર્થમાં સિદ્દધ થશે.

**માન. અધ્યક્ષશ્રી,**

આમ, અનુસૂચિત જાતિ પેટા યોજનાની અંદર શક્ય એટલો વધારો કરવાનો રાજ્ય સરકારે પ્રયાસ કર્યો છે અને ભૂતકાળની સરખામણીમાં અત્યારે અનુ.જાતિ વર્ગની વધુ સારી કાળજી લઇને નવી નવી યોજનાઓ અંતર્ગત અનુસૂચિત જાતિની વસ્તીના ખરેખર પ્રમાણમાં નાણાં ફાળવવા તથા નાણાંની ફાળવણી કરી તે નાણાંનો યોગ્ય રીતે ખર્ચ થાય તેની કાળજી લઈ તેને વધુ અસરકારક અને અર્થપૂર્ણ બનાવવા રાજ્ય સરકાર કટીબદ્દધ છે.